અબ્રામા-મોગરાવાડી જોડતા બિસ્માર માર્ગ મુદ્દે કલેક્ટરને કડક રજૂઆત

# ‘માત્ર ખાડા પૂરવાનું નાટક બંધ કરો’

**રસ્તાની** જરૂરિયાત મુજબ કાયમી ડામરીકરણ, CC રોડ, ડ્રેનેજ અને યોગ્ય સાઈડ વર્ક માટે ટેક્નિકલ અંદાજ તૈયાર કરાય

**રસ્તાની** ખરાબ સ્થિતિ અને નાગરિકોને હાલાકીથી તંત્ર સમક્ષ ઉગ્ર માંગ અને ચીમકી



વલસાડ : વલસાડ શહેરના અબ્રામા અને મોગરાવાડી વિસ્તારને જોડતા તેમજ નેશનલ હાઈવે સાથે સીધું જોડાણ આપતા મુખ્ય માર્ગની છેલ્લા ઘણા વર્ષોથી અત્યંત બિસ્માર હાલત છે. આ માર્ગના કાયમી નવીનીકરણ બાબતે સમસ્ત આદિવાસી સમાજના યુથ લીડર, જાણીતા ગોલ્ડ મેડલિસ્ટ સર્જન અને આઈ.એમ.એ. વલસાડના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. નિરવ ભુલાભાઈ પટેલે જિલ્લા કલેક્ટરને પત્ર લખીને કડક રજૂઆત કરી છે.

ડૉ. નિરવ પટેલે જણાવ્યું છે કે આ માર્ગ માત્ર કોઈ સામાન્ય આંતરિક રસ્તો નથી, પરંતુ હજારો નાગરિકો માટે દૈનિક અવરજવરની જીવાદોરી સમાન છે. આ રસ્તો યોગ્ય રીતે વિકસાવવામાં આવે તો મુખ્ય માર્ગો પરનું ટ્રાફિક ભારણ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય તેમ છે. વર્ષોથી આ રસ્તાની સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી અને ચોમાસા દરમિયાન સ્થિતિ વધુ ગંભીર બની જાય છે. રસ્તા પર મોટા-મોટા ખાડાઓ, કાદવ અને પાણી ભરાવાને કારણે દ્વિચક્રી વાહનચાલકો, વૃદ્ધો, મહિલાઓ અને શાળાએ જતા વિદ્યાર્થીઓ માટે અકસ્માતનું જોખમ સતત તોળાતું રહે છે. કલેક્ટર ઓફિસમાં બેસી રહેવાને બદલે રૂબરૂ સ્થળ પર જઈને આ રસ્તાની વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ કરે તેવી લોક માંગ ઉઠી છે. આ રસ્તો નગરપાલિકા કે માર્ગ-મકાન વિભાગમાંથી કયા સત્તાધિકારીના હસ્તક આવે છે તેની લેખિત સ્પષ્ટતા થવી જોઈએ. નવીનીકરણ માટે વહીવટી મંજૂરી, બજેટ અને કામ શરૂ થવાની સંભવિત તારીખ જાહેર કરવા તેમજ કાયમી કામ શરૂ ન થાય ત્યાં સુધી ખાડા પૂરવા અને પાણીના નિકાલની તાત્કાલિક વ્યવસ્થા કરવાની માંગ કરાઈ છે.

### લોકશાહી ઢબે આંદોલન કરવાની ચીમકી

ડો. પટેલે વહીવટી તંત્રને ચીમકી આપતા જણાવ્યું છે કે, અબ્રામા અને મોગરાવાડીના નાગરિકોને હવે માત્ર આશ્વાસન નહીં પરંતુ સમયબદ્ધ કામગીરી જોઈએ છે. જો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અને કાયમી પગલાં નહીં લેવાય, તો સ્થાનિક નાગરિકોને સાથે રાખીને લોકશાહી ઢબે આ પ્રશ્ને ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

## સરીગામના શખ્સ સાથે રૂપિયા 98,000 ની ઠગાઈ

ઉમરગામ : સરીગામના એક શખ્સ સાથે રૂપિયા 98 હજારની ઠગાઈ થઈ છે. લાઈવ ક્રિકેટ બતાવવાની એપ્લિકેશન મોકલી મોબાઈલ ફોન હેક કરી બે અજાણ્યાઓએ ઠગાઈ કરી હતી. સરીગામમાં રહેતા અને અણગામની પાલીયા ફુટવેર કંપનીમાં કામ કરતા આદિત્યકુમાર બાલકૃષ્ણ દ્વિવેદી (ઉ.વ 56)એ ફેસબુક પર મફતમા લાઈવ ક્રિકેટ જોવાની જાહેરાત જોતાં એપ્લિકેશન ડાઉનલોડ કરી ઈન્સ્ટોલ કરી હતી. એપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો. દરમિયાન HDFC બેંકમાંથી રૂપિયા 80,000 અને રૂપિયા 18,000 મળી કુલ રૂપિયા 98000 ના બે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન થઈ ગયા હતા. આ વાતની ખબર પડતા તેમણે બેન્ક એકાઉન્ટ બંધ કરાવી દીધુ હતુ. અને 1930 ઉપર ઓનલાઈન કમ્પ્લેન કરી હતી.

## શેરડીના કામદારોના હક્કો વેતન બાબતે આવેદનપત્ર

**ડાંગ** જિલ્લામાં શેરડી કાપણી કામદારોને રૂપિયા 476 પ્રતિ ટન લઘુત્તમ વેતન ચૂકવવા સહિત વિવિધ માંગણીઓ


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લા મજૂર અધિકાર મંચ દ્વારા શેરડી કાપણીના કામ સાથે સંકળાયેલા ગરીબ આદિવાસી મજૂરોના હક્કો અને અધિકારોના રક્ષણ માટે ડાંગ જિલ્લા કલેક્ટરને સંબોધીને એક મહત્વનું આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આવેદનમાં સરકારના જાહેરનામા મુજબ શેરડી કાપણી કામદારોને રૂ. ૪૭૬ પ્રતિ ટન લઘુત્તમ વેતન ચૂકવવાની માંગ કરાઈ છે.

મજૂર અધિકાર મંચના જણાવ્યા મુજબ, લઘુત્તમ વેતન નક્કી હોવા છતાં અનેક સુગર ફેક્ટરીઓ દ્વારા કામદારોને પૂરેપૂરું વેતન ચૂકવાતું નથી, જેના કારણે મજૂરોને નુકસાન વેઠવું પડે છે. આવેદનમાં કામદારોને રૂપિયા ૪૭૬ પ્રતિ ટનના દરે વેતન ચૂકવવું, મુકાદમોને રૂપિયા ૧,૦૦૦ કમિશન અલગથી આપવું, કામના સ્થળે શેડ, શુદ્ધ પીવાનું પાણી, વીજળી અને શૌચાલય જેવી સુવિધાઓ પૂરી પાડવી, સ્થળાંતર કરતા બાળકો માટે આંગણવાડી તથા ટેન્ટ સ્કૂલની વ્યવસ્થા કરવી અને કામદારો માટે અકસ્માત વીમાની સુવિધા ઉપલબ્ધ કરાવવી અને મૃત્યુ કિસ્સામાં યોગ્ય વળતર આપવા જેવી માંગણીઓ રજૂ કરાઈ છે. મંચે શેરડી કાપણી કામદારોના માલિક તરીકે જવાબદાર વ્યક્તિ અથવા સંસ્થાની જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. મજૂરોના અધિકારો અને કામના સ્થળે માનવીય સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.



## પ્રશ્નોના ઉકેલ માટે લેન્ડ રેકોર્ડઝ વર્ગ-3ના કર્મીઓની હડતાળ

**પેનડાઉન** અને માસ સી.એલ. બાદ આંદોલન ઉગ્ર બન્યું

**જમીન** માપણી-સીમાંકનની કામગીરી ખોરવાતા અરજદારો પરેશાન

નવસારી : પગારધોરણ સહિતના લાંબા સમયથી પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં નવસારી જિલ્લાના લેન્ડ રેકોર્ડઝ વર્ગ-3ના 32 કર્મચારીઓ આજ તા. 21 સપ્ટેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. કર્મચારી મંડળ દ્વારા અગાઉ 11 ઓગસ્ટે 30 દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું.

કર્મચારીઓએ પ્રથમ 11થી 18 સપ્ટેમ્બર સુધી પેનડાઉન આંદોલન કર્યું હતું અને ત્યારબાદ 19 સપ્ટેમ્બરે માસ સી.એલ. પર ઉતર્યા હતા. તેમ છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવતા હવે અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરવામાં આવી છે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં સર્વેયરનું પગારધોરણ લેવલ-4માંથી લેવલ-5 અને સિનિયર સર્વેયરનું લેવલ-5માંથી લેવલ-7 કરવા સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

સર્વેયરો હડતાળ પર જતાં જમીન માપણી, સીમાંકન સહિતની કામગીરીને અસર થતાં ખેડૂતો અને અરજદારોના કામો અટવાયા છે. કર્મચારી મંડળે જિલ્લા કલેક્ટર અને સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકોર્ડઝને રજૂઆત કરી છે. સરકાર દ્વારા વહેલી તકે પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## વઘઈમાં કરિયાણાની દુકાનમાં ચોરી કરનાર ત્રણ અંકલેશ્વરથી ઝડપાયા

**પોલીસે** આરોપીઓ પાસેથી રોકડા, સિગારેટ તથા 3 મોબાઈલ મળીને ૧,૩૫,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રાત્રિના સમયે એક કરિયાણાની દુકાનને નિશાન બનાવીને ચોરી કરવામાં આવી હતી. અજાણ્યા ચોરો દુકાનના ધાબાનું તાળું તોડી અંદર પ્રવેશ કરીને સિગારેટના પેકેટો અને રોકડ મળીને કુલ રૂપિયા ૧,૨૯,૩૭૫ ની મત્તા ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ મામલે વઘઈ પોલીસ મથકે ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ વઘઈ પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એ. ચાવડા અને તેમની ટીમે સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ચોરી કરનાર ઈસમો અંકલેશ્વરના હોવાનું ખુલતા પોલીસે ત્યાં ટીમ મોકલીને ત્રણ આરોપીઓ ૧. મોહમ્મદ આદિલખાન ઉસ્માનખાન પઠાણ (ઉં.વ. ૧૮, રહે. અંકલેશ્વર) ૨. અમનભાઈ અબ્બાસભાઈ સૈયદ (ઉં.વ. ૨૧, રહે. ભરૂચ) ૩. ખાનજાદા મોહમ્મદ સમીર અબ્દુલ મજીદ (ઉં.વ. ૨૪, રહે. અંકલેશ્વર)ને ઝડપી પાડ્યા હતા.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું કે મુખ્ય આરોપી મોહમ્મદ આદિલખાન અગાઉ આ જ દુકાનમાં નોકરી કરતો હોવાથી તે વિસ્તારથી સારી રીતે વાકેફ હતો. તે પોતાના સાથીદારો સાથે અંકલેશ્વરથી બસ દ્વારા વઘઈ આવ્યો હતો અને ચોરીને અંજામ આપી પરત ફર્યો હતો.

પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા ૬૫,૦૦૦, સિગારેટ તથા ૩ સ્માર્ટ મોબાઈલ ફોન મળીને કુલ રૂપિયા ૧,૩૫,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ત્રણેયની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગણેશજીને ચઢાવેલા ફૂલોથી બનશે અગરબત્તી અને ખાતર !

**નવસારી** મનપાનો ‘નિર્માલ્યથી નવસર્જન’નો નવો પ્રયોગ

**પંડાલો-** સોસાયટીઓમાંથી અલગથી પૂજાપો એકત્ર થશે



નવસારી : ગણેશોત્સવમાં શ્રદ્ધાભેર ભગવાન ગણેશને અર્પણ થતા ફૂલ-હાર અને પૂજાપો હવે ઉત્સવ બાદ કચરાના ઢગલામાં ભળી જવાને બદલે ફરી ઉપયોગી બનશે. નવસારી મહાનગરપાલિકાએ ધાર્મિક આસ્થા સાથે પર્યાવરણનું જતન થાય તેવા હેતુથી ‘નિર્માલ્યથી નવસર્જન’ તરફ પગલું ભર્યું છે. ગણેશ પંડાલો અને સોસાયટીઓમાંથી એકત્ર થનારા ફૂલ-હાર અને પૂજાપાની પ્રક્રિયા કરીને તેમાંથી અગરબત્તી, ધૂપસળી તથા કમ્પોસ્ટ ખાતર તૈયાર કરવાની યોજના બનાવાઈ છે.

ગણેશોત્સવ દરમિયાન નિર્માલ્ય અન્ય કચરાથી અલગ મળી રહે તે માટે વિશેષ ટેમ્પો મારફતે પંડાલો અને રહેણાંક વિસ્તારોમાંથી ફૂલ-હાર તથા પૂજાપો એકત્ર કરવામાં આવશે. ત્યારબાદ એકત્રિત સામગ્રીને જરૂરી પ્રક્રિયામાંથી પસાર કરી ઉપયોગી ઉત્પાદનો તૈયાર કરાશે.

આમ, ગણેશજીના ચરણે ચઢાવાયેલા ફૂલોનો અંત કચરાપેટીમાં નહીં પરંતુ ફરીથી ધાર્મિક ઉપયોગ અને હરિયાળી વધારવામાં થશે. મનપાની યોજના મુજબ તૈયાર થનારી અગરબત્તી અને ધૂપસળીનો ઉપયોગ ધાર્મિક પ્રસંગોમાં જ્યારે કમ્પોસ્ટ ખાતરનો ઉપયોગ સોસાયટીના બગીચા અને વૃક્ષોના ઉછેરમાં થઈ શકશે.

તૈયાર ઉત્પાદનોને વિશેષ પેકિંગમાં મૂકીને જે-તે પંડાલો, મોહલ્લા અને સોસાયટીઓને વિનામૂલ્યે પરત આપવાની પણ યોજના છે.

## વાપીના ડુંગરામાં સ્ક્રેપના ધંધાનીઅદાવતમાંમારામારી

વાપી : વાપીના સી-ટાઈપ મસ્જિદ પાછળ આવેલા ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતા અને સ્ક્રેપનો વેપાર કરતા ઉબેદઉલ્લા ખાન સેલવાસ ગયા હતા. રાત્રે તેઓ કરવડ એક્સપ્રેસ હાઈવે નજીક પહોંચતા આદમ મન્સુરી અને નશીમ મન્સુરી મોપેડ લઈને આવ્યા હતા અને કારને ઊભી રખાવી ઝઘડો કરી ઉબેદભાઈને લાકડાથી માર માર્યો હતો. લોકો મારામારીનું કારણ અગાઉ ઉમરગામની કંપનીઓમાંથી સ્ક્રેપનો માલ ખરીદવા બાબતની અદાવત હોવાનું સામે આવ્યું છે. જ્યારે સામા પક્ષે છીરી મહેર કોમ્પ્લેક્સમાં રહેતા અને સ્ક્રેપનું ગોડાઉન ચલાવતા આદમ મન્સુરીએ ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, તેઓ નશીમ મન્સુરી સાથે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે કરવડ એક્સપ્રેસ હાઈવે પર ઉબેદઉલ્લાએ કારનો દરવાજો ખોલતા તેઓ નીચે પટકાયા હતા. ત્યારબાદ ઉબેદે પાઈપ વડે માર માર્યો હતો. સ્ક્રેપના ધંધામાં ભાવ વધારો કરી માલ ખરીદવા બાબતના મનદુ:ખને લઈને આ મારામારી થઈ હોવાનું ખુલ્યું છે.

## મેંધર-કલમઠામાં ઝીંગા તળાવો તોળાયા

**૧૩,૦૦૦** ચોરસ મીટર સરકારી જમીન ગેરકાયદે દબાણોથી મુક્ત કરાઈ

**આગામી** દિવસોમાં પણ ડ્રાઈવ ચાલુ રહેશે


કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી તાલુકાના દરિયાકાંઠા વિસ્તારમાં સરકારી જમીન પર વહીવટી તંત્રની મંજૂરી વિનાનાં ગેરકાયદે ઝીંગા તળાવો સામે વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ ચીખલી પ્રાંત અધિકારી, મામલતદાર તથા સંબંધિત અધિકારીઓની ટીમ દ્વારા મેંધર અને કલમઠા ગામે અનધિકૃત દબાણો દૂર કરવામાં આવ્યા હતા. મેંધર ગામે આશરે ૧૦,૦૦૦ ચોરસ મીટર તથા કલમઠા ગામે આશરે ૩,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં અનધિકૃત ઝીંગા તળાવો તથા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આમ, બંને ગામોમાં કુલ આશરે ૧૩,૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી છે.

વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ કે અનધિકૃત બાંધકામ ચલાવી લેવામાં આવશે નહીં. આગામી દિવસોમાં પણ સરકારી જમીન ઉપરના દબાણો સામે તપાસ અને કાર્યવાહીનો દોર યથાવત્ રાખવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરગામમાં ટેક્સટાઇલ કંપનીમાં આગથી અફરાતફરી


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ GIDC મા આવેલી એક ટેક્સટાઇલ કંપનીમાં આગ લાગતા માલ મટીરીયલ મશીનરીને નુકસાન થયુ હતુ. ફાયરની ટીમે એકાદ કલાકની જેહમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઉમરગામ જીઆઇડીસીમાં આવેલી ટેક્સટાઇલ કંપનીમાં સોમવારે સાંજના આગ લાગવાનો બનાવ બનતા અફરાતફરી મચી ગઈ હતી. ઉમરગામ જીઆઇડીસી નોટિફાઇડ અને નગરપાલિકા ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક દોડી આવી પાણીનો મારો ચલાવી એકાદ કલાકમાં જ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. કંપનીમાં ટેક્સટાઇલના સ્પેરપાર્ટ તેમજ મીણના ટ્રેડિંગનું કામકાજ ચાલતું હોવાનું જાણવા મળ્યું છે. આગના કારણે કંપનીમાં રાખવામાં આવેલા માલ સામાન મશીનરીને નુકસાન થયું હતું આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ જાણી શકાયુ નથી આગમાં કોઈ જાનહાની થવા પામી નથી ઘટનાની જાણ થતા જ પોલીસ પણ દોડી આવી હતી.

### ગણેશ વિસર્જનને લઈ ડાંગ એસ.પી. કચેરીમાં મહત્ત્વપૂર્ણ બેઠક


ગિરીશ ભોયે

સાપુતારા : વિઘ્નહર્તા દેવ ગણેશજીના આગામી વિસર્જનને ધ્યાનમાં રાખીને ડાંગ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાંગ જિલ્લા એસ.પી. કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં જિલ્લાભરના વિવિધ ગણપતિ મંડળોના પ્રતિનિધિઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. બેઠક દરમિયાન ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ દ્વારા ગણપતિ મંડળોના પ્રતિનિધિઓને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ગણેશોત્સવ આનંદ અને ઉલ્લાસનો પર્વ છે ત્યારે વિસર્જન કાર્યક્રમ સંપૂર્ણ શાંતિપૂર્ણ અને સલામત રીતે સંપન્ન થાય તે માટે સૌ કોઈને પોલીસ તંત્રને સહયોગ આપવા અપીલ કરાઈ હતી. વિસર્જન વખતે તરવૈયાઓની ટીમ અને પોલીસ જવાનો ખડેપગે હાજર રહેશે તેવી ખાતરી પણ અપાઈ હતી. આગામી સમયમાં જિલ્લાના તમામ વિસ્તારોમાં કુદરતી સંપદાનું જતન જળવાઈ રહે અને પર્યાવરણને કોઈ નુકસાન ન થાય તે રીતે તહેવારોની ઉજવણી કરવા ખાસ અનુરોધ કરાયો હતો. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ, ત્રણેય તાલુકાના પોલીસ ઇન્સ્પેક્ટર, ગણેશ મંડળોના હોદ્દેદારો તેમજ આહવા નગરના સરપંચ હરિરાભાઈ સાવંત ઉપસ્થિત રહી અનીચ્છનીય બનાવો ટાળવા અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

### અંકલાછમાં સેવા સેતુ કાર્યક્રમમાં 450થી વધુ લોકોએ લાભ લીધો


નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા તાલુકાના અંકલાછ ગામે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બારતાડ, ખાનપુર, સતીમાળ, લાકડબારી, અંકલાછ, કામળઝરી, બેડમાળ, કણધા અને ચોંઢા સહિતના ગામોના 450 થી વધુ ગ્રામજનોએ વિવિધ સરકારી સેવાઓનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી ડો. લોચન શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગ્રામજનોને સેવા સેતુ જેવા કાર્યક્રમો દ્વારા ઉપલબ્ધ સરકારી સેવાઓનો વધુમાં વધુ લાભ લેવા જણાવ્યું હતું. સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન આધાર કાર્ડ બનાવવા તથા સુધારા, જાતિ અને આવકના દાખલા સહિતની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. પીએમ સૂર્યઘર યોજના અંગે માહિતી આપવામાં આવી હતી. આરોગ્ય મેળા દરમિયાન આશરે 120 લોકોની આંખોની તપાસ કરવામાં આવી હતી અને 105 જેટલા લોકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાંસદા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ પ્રશાંત પટેલ, મંડળ મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, અંકલાછના સરપંચ સંદીપભાઈ સહિત આજુબાજુ ગામોના સરપંચો, અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### બગવાડા ટોલનાકા પર બેકાબુ ટ્રેલર કેબિનમાં ઘુસી જતા કર્મચારીને ઇજા

પારડી : પારડીના બગવાડા ટોલનાકા હાઇવે પર વાપીથી વલસાડ જતા ટ્રેક પર ટ્રેલર ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી ટોલનાકાના બૂથ નંબર 3 માં સીધું ટ્રેલર ઘૂસાડી દીધું હતું. આ અકસ્માતમાં કેબિનનો ભુક્કો બોલાઈ ગયો હતો અને ભારે નુકસાન થયું હતું. જ્યારે અકસ્માતમાં કેબિન અંદર ફરજ પર તૈનાત કર્મચારી પરમેશના પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમને 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અપાઈ હતી. આ અંગે ટોલ મેનેજરની ફરિયાદના આધારે પારડી પોલીસે ટ્રેલરચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કડોલપાડામાં વારલી પેઇન્ટિંગથી ગણપતિ પંડાલને અપાયો આકર્ષક ઓપ


નિલેશ કાપડિયા

વાંસદા : ગણેશોત્સવના પર્વને લઈને કડોલપાડા ગામમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. ગામમાં જય ભાવી મંડળ દ્વારા ભગવાન શ્રી ગણપતિજીની ભવ્ય સ્થાપના કરવામાં આવી છે. ગણપતિજીની સ્થાપનાની સાથે મંડળના યુવાનો દ્વારા પંડાલમાં વારલી કળા દ્વારા આદિવાસી સમાજની જીવનશૈલી, લોકપરંપરા, નૃત્ય, ઉત્સવ અને પ્રકૃતિ સાથેના સંબંધની ઝાંખી રજૂ કરવામાં આવી છે. સમગ્ર આયોજન બિપીનભાઈ, મેહુલ, રાકેશ, મનોજ, અનિલભાઈ સહિત જય ભાવી મંડળના સભ્યો અને યુવાનોએ ઉત્સાહપૂર્વક કામગીરી કરી રહ્યા છે.